## સંક્ષિપ્ત સમાચાર

### શિનોર તાલુકાના છાણભોઇ ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના છાણભોઈ ગામની પ્રાથમિક શાળામાં રાજ્ય સરકારના મહત્ત્વાકાંક્ષી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2026ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે વધુમાં વધુ બાળકો શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાય અને ખાસ કરીને દીકરીઓને શિક્ષણનો સમાન લાભ મળે તે હેતુથી આયોજિત કાર્યક્રમમાં ગ્રામજનો, વાલીઓ, શિક્ષકો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિનોર તાલુકાના છાણભોઈ પ્રાથમિક શાળામાં યોજાયેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ડો. નેહા રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગામના સરપંચ શ્રીમતી કિંજલબેન, આગેવાનો, શિક્ષકગણ, વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા. શાળામાં પ્રથમ વખત પ્રવેશ મેળવનાર નાનાં ભૂલકાઓનું તિલક કરી, પુષ્પવર્ષા અને તાળીઓના ગડગડાટ વચ્ચે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

### સાવલી તાલુકાના તાડિયાપુરા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



**સાવલી :** સાવલી તાલુકાના તાડિયાપુરા પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રોવેશોત્સવ 2026 તેમજ સાથે સાથે 1 થી 8 ધોરણ ની નવીન શાળા મકાનનું લોકાર્પણ સમારોહ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાવલી ના તાડિયા પુરા ગામે શાળા નું લોકાર્પણ અને પ્રવેશોત્સવ નો કાર્યક્રમ યોજાયો હતો ધારાસભ્ય કેતનભાઇ ઇનામદાર ના હસ્તે રીબીન કાપી નવીન શાળા મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુંસાથે સાથે તાલુકા પંચાયત પ્રમુખ તેમજ ગ્રામ પંચાયત ના સદસ્યો સહિત ગ્રામજનો તેમજ શાળાના વિદ્યાર્થી તેમજ શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા ગ્રામજનો દ્વારા ધારાસભ્ય તેમજ તાલુકા પ્રમુખનું પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવા માં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થીની ઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ કરી રજૂ હાજર જનો ને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ શાળામાંથી દેશના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપનાર વિદ્યાર્થીઓ તૈયાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

### બોડેલી તાલુકાના સુર્યાઘોડા ખાતે સાંસદ જશુભાઇ રાઠવાના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવની ઉજવણી કરાઇ



**બોડેલી :** બોડેલી તાલુકાના સૂર્યઘોડા ગામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બીજા દિવસનો કાર્યક્રમ સૂર્યઘોડા પ્રાથમિક શાળા અને આર.એલ. ભગત પ્રકાશ વિદ્યાલય, સૂર્યઘોડાના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન લોકસભાના સાંસદ જસુભાઈ રાઠવા રહ્યા હતા કાર્યક્રમ દરમિયાન આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવેશપાત્ર બાળકોને વિધિવત પ્રવેશ અપાયો હતો. ઉપરાંત દાતાશ્રીઓના સહયોગથી વિદ્યાર્થીઓને શાળા થેલા અને ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં સાંસદ જશુભાઈ રાઠવાએ વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના 2047 સુધી વિકસિત ભારતના સંકલ્પના સંદર્ભમાં કન્યા કેળવણી મહોત્સવની અગત્યતા સમજાવી હતી.

### પ્રગતિનો પ્રવેશોત્સવ થીમ આધારિત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઊજવણી



**સંખેડા :** આજરોજ ડી બી પારેખ સાર્વજનિક હાઇસ્કૂલ સંખેડા મુકામે પદાધિકારી ગુજરાત કેડરના વરિષ્ઠ IAS હાલમાં મહાત્મા ગાંધી લેબર ઇન્સ્ટીટયુટ અમદાવાદના ડિરેક્ટર જનરલ તથા છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે માર્ગદર્શન આપી રહેલા પ્રવીણભાઈ કે સોલંકી, સંખેડા જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી છાયાબેન અર્જુનભાઈ વસાવા સંખેડાના પ્રથમ નાગરિક સરપંચ નીતીનકુમાર શાહ લાઇઝન અધિકારી લલીતભાઈ રોહિત વોકેશનલ ટ્રેનર સાગરભાઈ તથા મોટી સંખ્યામાં વાલીશ્રી હાજર રહ્યા હતા. આપના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રથમ વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે વર્ષ-૨૦૦૩ થી શાળાઓમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવી કેળવણી વિષયકની પહેલ કરી હતી જેનો મુખ્ય હેતુ દરેક બાળકને શિક્ષણનો અધિકાર મળે બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય ડ્રોપ આઉટ રેશિયો ઓછો થાય અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાનો હતો. પ્રવેશોત્સવ ની શરૂઆત મહાનુભાવના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

### માહેશ્વરી સમાજ દ્વારા વંશોત્પતિ દિવસ મહેશ નવમીની શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવી



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર નગર માં વસતા માહેશ્વરી સમાજ જનો દ્વારા માહેશ્વરી સમાજ ના ઉત્પતિ દિવસ મહેશ નવમીની જાગનાથ મંદિર ખાતે ભક્તિભાવ થી ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન ભોળાનાથ ના દુગ્ધાભિષેક સહિત આરતી માં માહેશ્વરી સમાજબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સાથે જ જાગનાથ મંદિર ના હોલમાં સાંસ્કુતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહેશ નવમી ના પાવન પર્વ ની ભગવાન શ્રી ઉમા મહેશના વંશજ એવા માહેશ્વરી સમાજ દ્વારા ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જય મહેશના ઉદઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

પાદરા તાલુકાના વીરપુર અને મદાપુર ગામે સ્માર્ટ મીટર સ્થાપન કામગીરી પૂર્ણ

# પાદરાના વીરપુર અને મદાપુર બન્યા સ્માર્ટ મીટરથી સજ્જ

**૩૨૮ ગ્રાહકોને** મળશે આધુનિક સુવિધાનો લાભ

(પ્રતિનિધિ) પાદરા, તા.25

પાદરા તાલુકાના વીરપુર અને મદાપુર ગામોમાં એમજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર સ્થાપનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બંને ગામોના તમામ વીજ ગ્રાહકોને આધુનિક સ્માર્ટ મીટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

પાદરા-૧ પેટા વિભાગીય કચેરી હદ હેઠળ આવેલા મદાપુર ગામમાં કુલ ૨૩૭ સ્માર્ટ મીટર સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં ઘર વપરાશના ૨૨૦, વ્યાવસાયિક વપરાશના ૧૦, સ્ટ્રીટ લાઈટના ૧ તથા સરકારી કચેરીના ૬ સ્માર્ટ મીટરનો સમાવેશ થાય છે. પાદરા-૧ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર એન.એમ. વાળંદએ જણાવ્યું હતું કે ગામના સરપંચ અને ગ્રામજનોના સહકારથી સ્માર્ટ મીટર સ્થાપનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. મદાપુર ગામના સરપંચ સ્મિતાબેન ધર્મેન્દ્રકુમાર પરમારએ જણાવ્યું હતું કે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ સ્માર્ટ મીટર દ્વારા વીજ વપરાશમાં વધુ પારદર્શિતા આવશે અને આગામી સમયમાં વીજ સેવાઓ વધુ સુદ્રઢ તથા અસરકારક બનશે.

તેવી જ રીતે પાદરા-૨ પેટા વિભાગીય કચેરી હદ હેઠળ આવેલા વીરપુર ગામમાં કુલ ૯૧ સ્માર્ટ મીટર સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં ઘર વપરાશના ૮૧, વ્યાવસાયિક વપરાશના ૩, સ્ટ્રીટ લાઈટના ૨ તથા સરકારી કચેરીના ૨ સ્માર્ટ મીટરનો સમાવેશ થાય છે. પાદરા-૨ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર એમ.એસ. સંગાડાએ જણાવ્યું હતું કે ગામના સરપંચ અને ગ્રામજનોના સારા સહકારને કારણે કામગીરી સરળતાથી અને સમયસર પૂર્ણ થઈ શકી છે. વીરપુર ગામના સરપંચ સંદીપભાઈ પટેલએ જણાવ્યું હતું કે સ્માર્ટ મીટરથી વીજ વપરાશમાં વધુ પારદર્શિતા આવશે અને ગ્રાહકોને તેમના વીજ વપરાશ અંગેની માહિતી સમયસર મળી રહેશે. બંને ગામોમાં સ્માર્ટ મીટર સ્થાપનની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. સ્માર્ટ મીટર યોજના અંતર્ગત વીરપુર અને મદાપુર ગામના કુલ ૩૨૮ ગ્રાહકોને આધુનિક સુવિધાનો લાભ મળતાં બંને ગામોના નાગરિકોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી.

# મોહરમ પર્વને લઈ બોડેલી પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



(પ્રતિનિધિ) બોડેલી, તા.25

બોડેલી ખાતે આવનારા મોહરમ પર્વને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ શાંતિપૂર્ણ વાતાવરણમાં તહેવારની ઉજવણી થાય તે હેતુથી બોડેલી પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બોડેલી પોલીસ ઈન્સ્પેક્ટર પી સી બરંડા ની આગેવાની હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા શહેરના મુખ્ય બજારો, ભીડભાડવાળા વિસ્તારો તેમજ તાજીયા જુલુસના નિર્ધારિત રૂટ પર ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન વેપારીઓ, સ્થાનિક નાગરિકો અને આગેવાનો સાથે સંવાદ કરી શાંતિ, સૌહાર્દ અને કાયદાનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા જાહેર જનતાને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ કે વ્યક્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા તેમજ અફવાઓથી દૂર રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આગામી તહેવારોને ધ્યાનમાં રાખી બોડેલી પોલીસ સતત સતર્ક રહી સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી રહી છે. આ ફૂટ પેટ્રોલિંગથી નાગરિકોમાં સુરક્ષાની લાગણી મજબૂત બની હતી અને તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે પોલીસની તૈયારી સ્પષ્ટ જોવા મળી હતી.

બાળકી પર હુમલાની ઘટનાના પગલે ગોઠવાયેલા પાંજરામાં દીપડી પુરાઈ

# રતનપુર ગામે દીપડીનો આતંક, પાંજરામાં પુરાતાં ગ્રામજનોને રાહત

**ઝડપાયેલી** દીપડી જ હુમલાખોર છે કે નહીં તે અંગે વન વિભાગ દ્વારા તપાસ તેજ

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.25

પાવીજેતપુર તાલુકાના રતનપુર ગામે છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની હિલચાલને લઈ ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. થોડા દિવસ અગાઉ ગામમાં એક બાળકી પર દીપડાએ હુમલો કરતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના પગલે વન વિભાગ હરકતમાં આવ્યું હતું. બાળકી પર થયેલા હુમલાની ઘટનાને ગંભીરતાથી લઈ વન



વિભાગ દ્વારા રાઠવા નગીનભાઈ ઉદેસીંગભાઈના ખેતરમાં સ્પોટ પર પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. 24 જૂન 2026ના રોજ સાંજના સમયે એક માદા દીપડી પાંજરામાં પુરાઈ હતી.

વન વિભાગની પ્રાથમિક તપાસ મુજબ પાંજરે પુરાયેલી દીપડી માદા હોવાનું તથા તેની અંદાજિત ઉંમર આશરે એક વર્ષ જેટલી હોવાનું જાણવા મળ્યું છે. જોકે બાળકી પર હુમલો કરનાર દીપડી આ જ છે કે નહીં તે અંગે હજુ તપાસ ચાલી રહી છે. વન વિભાગ દ્વારા દીપડીને કબજામાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમજ આસપાસના વિસ્તારમાં પણ નજર રાખવામાં આવી રહી છે. ઘટનાને લઈ ગ્રામજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે, પરંતુ હુમલો કરનાર દીપડી અંગેની સ્પષ્ટતા તપાસ પૂર્ણ થયા બાદ જ થશે.

વોર્ડ નં. 1માં ગટરના સંપનું દૂષિત પાણી છોડાતું હોવાના સ્થાનિકોના આક્ષેપ

# સાવલીમાં ગટરના દૂષિત પાણી મુદ્દે હોબાળો, ઉગ્ર આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) સાવલી, તા.25

સાવલી નગરપાલિકાના વોર્ડ નં. 1માં ગટરના દૂષિત પાણીનો વિવાદ ઉગ્ર બનતા આવનાર સમયમાં જો નિકાલ નહીં આવે તો આંદોલન ની સ્થાનિકો એ ચીમકી ઉચ્ચારતા ફરી એકવાર પાલિકા ની કાર્યપધ્ધતિ સામે સવાલો ઉભા થયા છે.

સાવલી નગરના વોર્ડ 1 માં નગરનું ગંદુ પાણી ગટર ના સંપ નું દૂષિત પાણી વરસાદી કાંસમાં છોડવામાં આવતું હોવાનો સ્થાનિકો એ આક્ષેપ લગાવ્યો છે અને સ્થાનિક રહીશોએ એકત્રિત થઈ નારેબાજી કરીને વિરોધ નોંધાવ્યો છે અને દુર્ગંધ અને રોગચાળાની ભીતિ વચ્ચે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે

નગરપાલિકાના વોર્ડ નં. 1 વિસ્તારમાં ગટરના દૂષિત પાણીના નિકાલને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વિસ્તારમાં ગટરના સંપનું દૂષિત પાણી વરસાદી કાંસમાં છોડવામાં આવતું હોવાના આક્ષેપ સાથે મોટી સંખ્યામાં રહીશો એકત્રિત થયા હતા અને નગરપાલિકા વિરુદ્ધ નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી ગટરના ગંદા પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. જેના કારણે આસપાસ રહેતા લોકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દુષિત પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો હોવાનું રહીશોએ જણાવ્યું હતું.

# સાધલીમાં ચાંદીના કલાત્મક તાજીયા બેસાડાયા, પર્વને લઈ ગામમાં ઉત્સાહ

**સાધલી** યંગ સર્કલ દ્વારા સરબત, ફ્રૂટ સલાડ સહિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન

(પ્રતિનિધિ) શિનોર, તા.25

શિનોર તાલુકાના સાધલી ગામ ખાતે પવિત્ર મોહરમ પર્વ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ચાંદીના કલાત્મક તાજીયા બેસાડવામાં આવ્યા છે. સાધલી ગામમાં મોહરમ પર્વ કોમી એકતા, ભાઈચારા અને સૌહાર્દના સંદેશ સાથે ઉજવવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મુસ્લિમ સમાજ ઉપરાંત તમામ સમાજના લોકોના સહકારથી પર્વની ઉજવણી કરવામાં આવશે.



મોહરમ પર્વ નિમિત્તે સાધલી યંગ સર્કલ દ્વારા સરબત, ફ્રૂટ સલાડ સહિતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. યુવાનો દ્વારા શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પર્વની ઉજવણી કરવામાં આવશે. મોહરમ પર્વને લઈને સમગ્ર ગામમાં ધાર્મિક આસ્થા, ઉત્સાહ અને આનંદનો માહોલ છવાયો છે. સાથે જ કોમી એકતા અને ભાઈચારાના સુંદર દર્શન પણ જોવા મળી રહ્યા છે.

# છોટાઉદેપુર નગર ભાજપના શહેર પ્રમુખ તરીકે વરણી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25

છોટાઉદેપુર નગર ભાજપના શહેર પ્રમુખ તરીકે હિતાંશુભાઈ દરજીની વરણી, યુવાનોમાં આનંદની લાગણી છોટાઉદેપુર નગર ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ તરીકે યુવાન, ઉત્સાહી, રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના સંસ્કારો સાથે જોડાયેલા હિતાંશુભાઈ દરજીની વરણી થતા સમગ્ર છોટાઉદેપુર નગરમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. નાની વયે મળેલી આ મહત્વપૂર્ણ જવાબદારીથી તેમણે સમાજ તેમજ સમગ્ર છોટાઉદેપુર નગરનું ગૌરવ વધાર્યું છે. શિવભક્ત હિતાંશુભાઈ દરજી લાંબા સમયથી સામાજિક અને સંગઠનાત્મક ક્ષેત્રે સક્રિય રહી જનસેવા માટે સમર્પિત રહ્યા છે. તેમની નિમણૂકથી ખાસ કરીને યુવા વર્ગમાં નવી ઉર્જા અને આત્મવિશ્વાસનો સંચાર થયો છે. પક્ષના કાર્યકરો, શુભેચ્છકો તેમજ નગરજનો દ્વારા તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સંગઠનના તમામ હોદ્દેદારો, અને નગરજનોના સહયોગથી છોટાઉદેપુર નગરમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવામાં સફળતા મળશે. જનસેવાના ધ્યેય સાથે તેઓ સતત કાર્ય કરતા રહેશે.

# ત્રણ વર્ષથી ફરાર પોક્સો કેસનો આરોપી ઝડપાયો

**પાદરા** પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો, દુષ્કર્મ અને અપહરણના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર હતો

(પ્રતિનિધિ) પાદરા, તા.25

વડોદરા ગ્રામ્ય પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (A.H.T.U.) એ "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. છેલ્લા ત્રણ વર્ષથી પોક્સો અને અપહરણના ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીને ભોગ બનનાર સાથે શોધી કાઢી તેની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન પાદરા પોલીસ સ્ટેશન પાર્ટ-એના ગુનો રજીસ્ટર નં. ૧૧૧૯૭૦૩૪૨૩૦૯૫૬/૨૦૨૩ હેઠળ IPC કલમ ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટની કલમ ૪, ૫(એલ) અને ૬ મુજબ વોન્ટેડ આરોપી તેજસ વિરસંગભાઈ ચૌધરીનું મોબાઈલ નંબર મેળવી તેનું ટેકનિકલ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

મળેલી બાતમીના આધારે A.H.T.U.ની ટીમ મહેસાણા જિલ્લાના સમોજા ગામે પહોંચી હતી, જ્યાં આરોપી ભોગ બનનાર સાથે ખેતરની ઓરડીમાં સંતાયેલ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેની ઓળખની ખાતરી કરી આરોપીની ધરપકડ કરી તેને પાદરા પોલીસ સ્ટેશન ખાતે લાવી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ આરોપી તેજસ વિરસંગભાઈ ચૌધરી, રહે. અંબાવાડા, સમોજા, તા. ખેરાલુ, જી. મહેસાણા. આ ઓપરેશનમાં તમામ, A.H.T.U. વડોદરા ગ્રામ્ય સફળ કામગીરીમાં જોડાયા હતા.

# માંજલપુર ઈવા મોલ નજીક વર્ષો જૂનું લીમડાનું વૃક્ષ ધરાશાયી

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

વડોદરા શહેરમાં હજી ચોમાસું બરાબર જામ્યું નથી ત્યાં તો જર્જરિત અને જૂના વૃક્ષો ધરાશાયી થવાના બનાવો સામે આવવા લાગ્યા છે. ગુરુવારે નમતી સાંજે શહેરના વ્યસ્ત એવા માંજલપુર વિસ્તારમાં ઈવા મોલ નજીક એક મોટી દુર્ઘટના ટળી હતી. અહીં રોડની સાઈડમાં આવેલું વર્ષો જૂનું લીમડાનું વિશાળ વૃક્ષ અચાનક કડડભૂસ અવાજ સાથે મુખ્ય માર્ગ પર ધરાશાયી થયું હતું.

સાંજના સમયે વાહનોની અવરજવર વધુ હોય છે. ત્યારે, અચાનક વૃક્ષ પડતાં જ રસ્તો સંપૂર્ણ બ્લોક થઈ ગયો હતો. બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી જતાં ભારે ટ્રાફિકજામના



દ્દશ્યો સર્જાયા હતા. અચાનક સર્જાયેલી ઘટનાથી રાહદારીઓ અને વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સાધનો સાથે ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ કટર મશીનની મદદથી યુદ્ધના ધોરણે વૃક્ષને કાપીને રસ્તાની સાઈડ પર ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. લગભગ એક કલાકની જહેમત બાદ માર્ગ પરથી વૃક્ષ હટાવી વાહન વ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો.

### પરીક્ષા વ્યવસ્થામાં સુધારા માટે કોંગ્રેસના અભિયાનનો પ્રારંભ

અમદાવાદ: ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા વિદ્યાર્થીઓ અને પરીક્ષાર્થીઓના પ્રશ્નોને કેન્દ્રસ્થાને રાખી રાષ્ટ્રવ્યાપી 'છાત્રો કી ગૂંજ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે નીટ પરીક્ષાના પેપર લીક બાદ નિરાશામાં જીવન ટૂંકાવનારા ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થી કહાન પ્રશાંતભાઈ પટેલ સહિતના વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અમદાવાદમાં મહારાષ્ટ સરકારના પૂર્વ મંત્રી સતેજ પાટીલે જણાવ્યું હતું કે હાલની પરીક્ષા વ્યવસ્થા અને પેપર લીકની ઘટનાઓના કારણે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. પરીક્ષાઓમાં પારદર્શિતા જાળવવામાં નિષ્ફળતા અને પેપર લીકની સતત ઘટનાઓથી વિદ્યાર્થીઓનો વિશ્વાસ ડગમગી રહ્યો છે.

# છોટાઉદેપુરની ૩ શાળાઓમાં ૫૪ બાળકોનો પ્રવેશોત્સવ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25

ગુજરાત રાજ્યભરમાં આયોજિત 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬' ના પ્રથમ દિવસે છોટાઉદેપુરના જિલ્લા કલેક્ટર શ્રીમતી ગાર્ગી જૈન દ્વારા છોટાઉદેપુર તાલુકાની ૩ શાળાઓમાં બાળકોને ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. કલેક્ટરએ ભીલપુર ગ્રુપ ઉચ્ચ પ્રાથમિક શાળા, અછાલા પ્રાથમિક શાળા અને અછાલા માધ્યમિક શાળાના બાલવાટિકા, આંગણવાડી તેમજ ધોરણ-૧ અને ધોરણ-૯ ના મળી કુલ ૫૪ ભૂલકાઓ અને વિદ્યાર્થીઓનો શાળામાં પ્રવેશ કરાવી આવકાર્યા હતા.

ભીલપુર ગ્રુપ ઉચ્ચ પ્રાથમિક શાળા: બાલવાટિકામાં ૦૯,



ધોરણ-૧ માં ૦૨ અને આંગણવાડીમાં ૦૪ બાળકો, અછાલા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં ૦૯, ધોરણ-૧ માં ૧૯ અને આંગણવાડીમાં ૦૪ બાળકો અને અછાલા માધ્યમિક શાળામાં ધોરણ-૯ માં ૦૬ અને ધોરણ-૧૦ માં ૦૧ વિદ્યાર્થી મળી કુલ ૫૪ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે શાળાની કન્યાઓ દ્વારા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના મહત્વ અંગે પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું.

### માસર ગામ નજીક અકસ્માતમાં યુવકનું મોત, એક કિશોર ઘાયલ

**પાદરા :** પાદરા તાલુકાના માસર ગામની સીમમાં આવેલા થ્રી ડી કંપની પાસે પાદરા-જંબુસર રોડ પર બુધવારે બપોરે અકસ્માત સર્જાતા 19 વર્ષીય યુવકનું કરૂણ મોત નિપજ્યું હતું, જ્યારે એક કિશોર ગંભીર રીતે ઘાયલ થયો હતો. બનાવ અંગે વડુ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગતરોજ બપોરે તાહીરભાઈ સાજીદભાઈ મુલતાણી (ઉ.વ. 19), રહે. માસર નવીનગરી, પોતાની બજાજ પલ્સર મોટરસાયકલ પર જઈ રહ્યા હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી પાછળથી તેમની મોટરસાયકલને ટક્કર મારી હતી અને ઘટના બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.